**<u>રેગ્યુલર સીવીલ અપીલ નંબર–૪૯/૨૦૨૧</u>**

**<u>આંક–૬ લગત હુકમ</u>**

આ કામે પોકાર કરાવતા એપેલન્ટ કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ઘણા સમયથી આ કામ આંક–૬ ની સુનાવણી માટે ચાલી આવેલ છે. આ કામ નામદાર હાઈકોર્ટની ગાઈડ લાઈન મુજબ ટાર્ગેટેડ કેસમાં આવે છે. ઘણી મુદતથી સુનાવણી માટે એપેલન્ટપક્ષ મુદતો માંગી રહેલ છે. છેલ્લે આંક–૬૫ તથા આંક–૬૬ ની અરજીઓમાં છેલ્લી મુદતનો હુકમ કરવામાં આવેલ છે. આંક–૬ ની મનાઈ અરજી ઘણા સમયથી પેન્ડીંગ છે. આજરોજ આંક–૬૭ થી મુદત અરજી એપેલન્ટ તરફે વિ.વ.શ્રી એસ.કે. જોષીની સહીવાળી તેમના વતી વિ.વ.શ્રી એ.ડી. બલુચીએ રજૂ કરેલ છે પરંતુ વિ.વ.શ્રી એ.ડી. બલુચી પણ અરજી રજૂ કરીને જતા રહેલા છે અને સદરહુ કેસ ઘણો જુનો હોઈ અને મનાઈ અરજી પણ ઘણા સમયથી પેન્ડીંગ હોઈ આજરોજ આપવામાં આવેલ આંક–૬૭ ની મુદત અરજી ના–મંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ વારંવાર પોકાર કરાવવા છતાં એપેલન્ટ કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. સબબ, એપેલન્ટ તરફે બિનજરૂરી વિલંબ કરવામાં આવી રહેલ હોય તેવું જણાય છે. આ સંજોગોમાં એપેલન્ટપક્ષની સતત વિલંબ કરાવવાની ખોટી માંગણી ચલાવી શકાય તેમ નથી. આ સંજોગોમાં આંક–૬૭ ની મુદત અરજી ના–મંજુર કર્યા બાદ પણ પોકાર કરાવતા એપેલન્ટ કે તેઓના વિ.વ.શ્રી હાજર નથી તે જોતા એપેલન્ટ તરફે રજૂ થયેલ આંક–૬ વાળી મનાઈ અરજી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૨, જુન ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૨/૬/૨૦૨૫
સ્થળ– રાજપીપળા.
સમયઃ ૦૫–૧૫

**(રમેશકુમાર ઠાકોરભાઈ પંચાલ)**
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ
નર્મદા, મું.રાજપીપળા.
(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૦૪૧૩)